## તંત્રી સ્થાનેથી......

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સાબરમતી ખાતે આવેલ ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો (ICD) માં વંદે ભારત જેવી આધુનિક ટ્રેનોના મેઈન્ટેનન્સ માટે અત્યાધુનિક ટ્રેનસેટ મેઈન્ટેનન્સ હબ વિકસાવવામાં આવી રહ્યું છે. આ પરિયોજનાના ફેઝ-II હેઠળ લગભગ ૩૦૭ કરોડના ખર્ચે વિવિધ વિશેષ શેડ, આધુનિક મશીનો તેમજ ટેકનિકલ સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. પરિયોજના પૂર્ણ થવા પર આ સુવિધા આધુનિક ટ્રેનસેટના નિર્ધારિત મેઈન્ટેનન્સ કામોને વધુ વ્યવસ્થિત, સુરક્ષિત અને અસરકારક રીતે સંપન્ન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ મેન્ટેનન્સ શેડ થોડા સમય બાદ વંદે ભારત ટ્રેનોના મેન્ટેનન્સ અને જાળવણી માટે તૈયાર થઈ જશે. પરિયોજના હેઠળ હેવી રિપેર બે શેડ, વિવિધ સેક્શન શેડ, વ્હીલ કેર શેડ, ટેન્ડમ વ્હીલ લેથ શેડ, ડ્રોપ પિટ, રિટ્રેક્ટબલ ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE), મશીનરી અને પ્લાન્ટ (M&P) તથા અન્ય સંબંધિત સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. પરિયોજનાના વિવિધ ઘટકો પર કામ અલગ-અલગ તબક્કામાં પ્રગતિમાં છે તથા કેટલાક મુખ્ય માળખાઓનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. સાબરમતી ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપોના ફેઝ-IIમાં ૨૪ કોચવાળી વંદે ભારત ટ્રેનસેટના સોફ્ટ શેડ્યૂલ (SS-I અને SS-II) ના નિર્ધારિત મેઈન્ટેનન્સ કામોને સંપન્ન કરવા માટે જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. પરિયોજનાની નિર્ધારિત યોજના અનુસાર, એક ૨૪-કોચ રેકનું SS-I મેઈન્ટેનન્સ લગભગ ૩૦ દિવસોમાં તથા SS-II મેઈન્ટેનન્સ લગભગ ૪૫ દિવસોમાં કરી શકાશે. આ આધારે વાર્ષિક રૂપે લગભગ ૧૨ રેકનું SS-I અથવા ૮ રેકનું SS-II મેઈન્ટેનન્સ કરવાની ક્ષમતા નિર્ધારિત કરવામાં આવી છે. આ સુવિધાઓ વિકસિત થવાથી આધુનિક ટ્રેનસેટના મેઈન્ટેનન્સ માટે જરૂરી ટેકનિકલ તેમજ ઓપરેશનલ ક્ષમતાને મજબૂતી મળશે. ૩૨૨ મીટર × 20 મીટર (૬૯,૩૩૪ ચોરસ ફીટ) આકારના વિવિધ સેક્શન શેડનો વિકાસ મુખ્ય યાંત્રિક તેમજ વિદ્યુત ઉપકરણો તથા તેમની એસેમ્બલી અને સબ-એસેમ્બલીને ખોલવા, જોડવા તેમજ ઓવરહોલિંગ કરવાના ઉદ્દેશથી કરવામાં આવી રહ્યો છે. આ શેડમાં ટ્રેક્શન ટ્રાન્સફોર્મર, ટ્રેક્શન કન્વર્ટર, ટ્રેક્શન મોટર, ઓક્ઝિલરી કન્વર્ટર, આઈસોલેશન ટ્રાન્સફોર્મર, પેન્ટોગ્રાફ તથા રૂફ-માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU) જેવા મહત્વપૂર્ણ ઉપકરણોના રક્ષણ માટે સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. આનાથી ટ્રેનસેટના વિવિધ ટેકનિકલ ઉપકરણોના મેઈનટેનન્સ કામોને એક જ સંકુલમાં વ્યવસ્થિત રૂપથી સંપન્ન કરવામાં સહાયતા મળશે. પરિયોજના હેઠળ ૩૨૨ મીટર × 25 મીટર (૮૬,૫૯૭ ચોરસ ફીટ) આકારના હેવી રિપેર બે શેડનું બાંધકામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. આ શેડમાં બે મેઈનટેનન્સ લાઈનો નિર્ધારિત કરવામાં આવી છે. આમાંથી એક લાઈન પર સિંક્રોનાઈઝ્ડ પિટ જેકના મારફતે કોચ ઊંચા કરવા તથા બોગીઓને બહાર કાઢવાની સુવિધા વિકસાવવામાં આવી રહી છે. બીજી લાઈન પર કોચના આંતરિક ભાગ, યાત્રીઓની સુવિધાઓ, બ્રેક સિસ્ટમ તથા અન્ય વિદ્યુત ઉપકરણોના મેઈનટેનન્સની વ્યવસ્થા હશે. આ સુવિધાઓના પૂર્ણ રૂપથી વિકસિત થયા પછી ટ્રેનસેટના વિવિધ મેઈનટેનન્સ કામોને વધુ સુવ્યવસ્થિત રીતે સંપન્ન કરી શકાશે. પરિયોજના હેઠળ ૭૫ મીટર × 40 મીટર (૩૨,૨૯૨ ચોરસ ફીટ) આકારના વ્હીલ કેર શેડનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. સંબંધિત સર્વિસ બિલ્ડિંગ સહિત આ સુવિધા હસ્તાંતરણ માટે તૈયાર છે. આ શેડમાં પૈડાં તેમજ એક્સલની ઓવરહોલિંગ, રિસર્ફેસિંગ અને ટર્નિંગ જેવા મહત્વપૂર્ણ મેઈનટેનન્સ કામો માટે જોગવાઈ કરવામાં આવી છે. આ સુવિધા માટે સીએનસી સરફેસ વ્હીલ લેથ, સીએનસી એક્સલ ટર્નિંગ લેથ, ડાયનેમિક વ્હીલ બેલેન્સિંગ મશીન, હાઈડ્રોલિક વ્હીલ પ્રેસ તથા અન્ય આધુનિક મશીનો અને ઉપકરણોની જોગવાઈ કરવામાં આવી છે. આ મશીનોના મારફતે પૈડાં અને એક્સલના મેઈનટેનન્સ કામોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાશે. પરિયોજના હેઠળ ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં પણ મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. ચાર સ્ટેબલિંગ લાઈનો પર કુલ લગભગ ૨,૫૪૭ મીટર રેલ લિંકિંગનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

# ભરૂચ જિલ્લા કલેકટરશ્રી નવનાથ ગવ્હાણેની અદ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

**જનહિતના પ્રશ્નોનું સમયસર નિરાકરણ, વિભાગો વચ્ચે સંકલન અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે અધિકારીઓને સૂચનો અપાયા**



ધારાસભ્યશ્રીઓએ રજૂ કરેલા પ્રજાકીય પ્રશ્નોના નિવારણ માટે સકારાત્મક પરામર્શ કરાયો

કમલમ્, ભરૂચ

ભરૂચ જિલ્લા કલેકટરશ્રી નવનાથ ગવહાણેના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન ભવન ખાતે ભરૂચ જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા સાથે જનહિતને લગતા પ્રશ્નો, પડતર ફરિયાદો અને વિકાસલક્ષી બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ નાગરિકોના પ્રશ્નોનું સમયસર અને યોગ્ય નિરાકરણ લાવવા તેમજ વિવિધ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવીને કામગીરી કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

બેઠકના પ્રથમ ભાગમાં ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીએ ફરિયાદ નિવારણ અંતર્ગત વિવિધ પડતર પ્રશ્નો રજૂ કર્યા હતા. આરોગ્ય, પાણી, રસ્તા, નેશનલ હાઈવેના બિસ્માર રોડની મરામત, ભાડભૂત બરેજ પ્રોજેક્ટની સમિક્ષા સહીતના લોકહિતલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. NHAI ને રાજપીપલા ચોકડી અને ઝાડેશ્વર સર્વિસ રોડ, અંદાડા-માંડવા વચ્ચે ડામરકામ, અમરાવતી ખાડી બ્રિજ પર નવો બ્રિજ અને હાઈવેની મરામતની કામગીરી અને નેશનલ હાઈવેના બ્રિજ નીચેની સાફ-સફાઈ કરવાના સૂચનો કરવામાં આવ્યા હતા. ભાડભૂત બેરેજ યોજનાની કામગીરી, ભાડભૂત બેરેજ યોજના થકી ગ્રામ્ય, શહેરી અને ઔદ્યોગિક એકમોમાં પાણી સુવિધા, નવ ગામ યોજના, ૧૫ થી વધુ ગામોમાં પાણીની લાઈન, બોક્સ ગટર લાઈન સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

રજૂ થયેલા પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ આવે તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ઈ.એસ.આઈ.સી. હોસ્પિટનો વ્યાપ વધારીને ઔદ્યોગિક કામદારો સુધી તેની સુવિધા પહોંચે તે માટે આયોજન કરવા સાથે ઓન વહિકલની સુવિધા વધારવા જણાવ્યું હતું. આ તકે, જિલ્લા કલેક્ટરશ્રીએ સેવાસેતુ કાર્યક્રમ થકી ગ્રામ્ય વિસ્તારોના પ૨ સેવા સેતુ કાર્યક્રમોમાં ૧,૧૮,૭૪૭ અરજીઓનો સંતોષકારક અને હકારાત્મક નિકાલ, શહેરી વિસ્તારના ૬ સેવાસેતુ કેમ્પોમાં આવેલી ૧૯,૮૫૩ અરજીઓનો ૧૦૦% હકારાત્મક ઉકેલ લાવવા બદલ તમામ અધિકારીઓની કામગીરીને બિરદાવવીને અભિનંદના પાઠવ્યા હતા. આ બેઠકમાં ભરૂચ જિલ્લાની સંકલન સમિતિ ૨. ૦૦ હેઠળ વિવિધ વિભાગોની કામગીરીનું રિવ્યુ કરવામાં આવ્યું હતું. બાકી રકમો, વેરા વસુલાત, વિવિધ કચેરીઓમાં બંધ પડેલ વાહનોની હરાજી અને વહેલી ટકે બાકી રહેલ કામગીરીઓ પૂર્ણ કરવામાં ખાસ તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં, ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.બી. ભોગાયતા, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને સંકલન સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

માં અંબાની આરાધનાના મહાપર્વ, આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરા, ભક્તિભાવ અને ગરબાની લોકસંસ્કૃતિના પ્રતિબિંબ, સૌ ગુજરાતીઓના પ્રિય તહેવાર નવરાત્રીના છઠ્ઠા નોરતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિવિધ નવરાત્રી મહોત્સવોમાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઉવારસદ, ગાંધીનગર સ્થિત કર્ણાવતી યુનિવર્સિટી ખાતે આયોજિત નવરાત્રી મહોત્સવમાં દુર્ગા પૂજામાં સહભાગી થઈ મા દુર્ગાની આરાધના કરી હતી. અમદાવાદ ખાતે નવ BEAT ગરબા મહોત્સવ અને સ્વર્ણિમ નગરી ગરબામાં ઉપસ્થિત રહી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ માં અંબાના ચરણોમાં સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અમદાવાદના સોલા વિસ્તારમાં આયોજિત Zee 24 કલાકના નવરાત્રી મહોત્સવ 'વાઈબ્રન્ટ નોરતા'માં પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગોએ તેમણે નવરાત્રીના પાવન પર્વની સૌને શુભકામનાઓ પાઠવી હતી.

# સ્પેક બાકરોલમાં "મહિલા અધિકારો અને જાતીય સતામણી નિવારણ" વિષયક તજજ્ઞ વ્યાખ્યાનનુ આયોજન કરાયું



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલમાં સ્પેક ડબલ્યુ.ડી.સી. સેલ, સ્પેકિયન ગ્રુપ તેમજ શક્તિ ગ્રુપ દ્વારા "મહિલા અધિકારો અને જાતીય સતામણી નિવારણ" વિષયક નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં મહિલાઓના અધિકારો અંગે જાગૃતિ લાવવાનો તેમજ કાર્યસ્થળ અને શૈક્ષણિક પરિસરમાં જાતીય સતામણી અંગેની સમજ વિકસાવી તેના નિવારણ માટે જાગૃત અને સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરવાનો હતો.

આ કાર્યક્રમનું આયોજન સ્પેક ડબલ્યુ.ડી.સી. સેલ કોઓર્ડિનેટર ડૉ.દીક્ષિતા રામી, સ્પેક ડબલ્યુ.ડી.સી. સેલ કો-કોઓર્ડિનેટર નિકિતા ઠાકોરે તેમજ પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્રીમતી નિકિતા સોનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી નિપા પટેલ મેડમ (અધ્યક્ષા, નિવેદિતા ફાઉન્ડેશન, આણંદના) તેમજ શ્રીમતી આશાબેન દલાલ મેડમ (પ્રમુખ, જાગૃત મહિલા સંગઠન, આણંદ) તથા શ્રી દ્વિતી વ્યાસ મેડમ (તાલીમ સહાયક, અનુસ્નાતક કાયદા વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા સંસ્થાના ટ્રસ્ટીશ્રી શ્રીમતી મોનલ પટેલ મેડમ અને શ્રીમતી પાનેરી પટેલ મેડમ તેમજ કેમ્પસ કોઓર્ડિનેટર ડૉ.ફોરમ પટેલ મેડમ દ્વારા માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં હતું. નિષ્ણાત વકતાઓ દ્વારા મહિલાઓના અધિકારો, મહિલાઓ સાથે થતી જાતીય સતામણીના વિવિધ સ્વરૂપો, તેના નિવારણ માટે જરૂરી સાવચેતી તેમજ કાયદાકીય જોગવાઈઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પોતાના અધિકારો અંગે જાગત રહેવા તેમજ કોઈપણ પ્રકારની અયોગ્ય પરિસ્થિતિનો સામનો થાય ત્યારે યોગ્ય રીતે અવાજ ઉઠાવવા અને જરૂરી માર્ગદર્શન મેળવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સંવાદાત્મક ચર્ચા પણ કરવામાં આવી હતી, જેમાં મહિલાઓની સુરક્ષા, સમાનતા, સન્માન અને સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. આ નિષ્ણાત સત્ર દ્વારા કેમ્પસમાં સલામત, સહાયક અને માહિતીસભર વાતાવરણનું નિર્માણ કરવા માટે મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમદાવાદમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને રાજયકક્ષાનો શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો

**શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નહીં પરંતુ જીવન ઘડતરનો માર્ગઃ શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા**

**શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ**



**નમો લક્ષ્મી, નમો સરસ્વતી, જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના સહિતની યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓને સહાયનું વિતરણઃ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન**

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં જનસેવા, સુશાસન અને સમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન કરવાની સાથે નમો લક્ષ્મી, નમો સરસ્વતી, જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના સહિતની શૈક્ષણિક યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જનસેવા અને સુશાસનનાં મૂલ્યોને નવી દિશા મળી છે. સેવા સંકલ્પ અભિયાન વિદ્યાર્થીઓની પ્રતિભા, સર્જનાત્મકતા અને સંકલ્પશક્તિને પ્રોત્સાહન આપતું માધ્યમ બન્યું છે. રાજ્યની ૩૨,૯૦૬ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો છે. શાળા અને જિલ્લા કક્ષાએ યોજાયેલી ચિત્ર, વક્તૃત્વ અને રંગોળી સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સહભાગી બની પોતાની સર્જનાત્મક પ્રતિભા દર્શાવી છે. તેમણે જણાવ્યું કે આર્થિક પરિસ્થિતિના અભાવે કોઈ પણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર નમો લક્ષ્મી, નમો સરસ્વતી, જ્ઞાન સેતુ, જ્ઞાન સાધના અને મેરિટ શિષ્યવૃત્તિ જેવી યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડે છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ના માધ્યમથી સહાયની રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવાથી પારદર્શિતા અને સરળતા સુનિશ્ચિત થાય છે. તેમણે કહ્યું કે સાયન્સ અને ટેક્નોલોજી તથા કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં શિક્ષકોની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની છે. માહિતી મેળવવાની સાથે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, વિચારશક્તિ અને સર્જનાત્મકતા વિકસાવવાનું કાર્ય શિક્ષકો કરે છે. શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન કે માહિતી મેળવવાનું સાધન નથી પરંતુ જીવન ઘડતર અને માનવતાના મૂલ્યો કેળવવાનો માર્ગ છે. વડાપ્રધાનશ્રીના જીવન અને સંઘર્ષમાંથી પ્રેરણા લઈને મજબૂત સંકલ્પ સાથે વિકસિત ભારત-૨૦૪૭ના નિર્માણમાં સૌને યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યું છે, જેમાં શિક્ષણ અને યુવાશક્તિની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. રાજ્યકક્ષાની ચિત્ર, રંગોળી અને વક્તૃત્વ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન તથા વિવિધ શૈક્ષણિક યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહનરૂપ છે. તેમણે ઉમેર્યું હતું કે શિક્ષણમાં કન્યા કેળવણી અને શૈક્ષણિક માળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રગતિની વધુ તકો મળી રહી છે. વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા અને મહેનતથી દેશના વિકાસમાં યોગદાન આપે અને વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં સહભાગી બને તે જરૂરી છે. આ પ્રસંગે સાંસદશ્રી હસમુખભાઈ પટેલ અને દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વ શ્રી અમૂલભાઈ ભટ્ટ, દિનેશસિંહ કુશવાહ અને કૌશિકભાઈ જૈન, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# શિક્ષકોને સોંપવામાં આવતી અન્ય કામગીરી તેમજ વિવિધ પોર્ટલની ડેટા એન્ટ્રીની સમીક્ષા માટે શિક્ષણમંત્રીશ્રી ડૉ.પ્રદ્યુમન વાજાની કવાયત શરૂ

**શિક્ષકોની કામગીરીને વધુ સુગમ અને સરળ બનાવવા ઉચ્ચ અધિકારીઓની સમિતિની રચના કરવા શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની સૂચના**



કમલમ્,

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના અન્ય કામનું ભારણ ઘટાડવા તથા તેઓ વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય માટે વધુમાં વધુ સમય ફાળવી શકે તે સુનિશ્ચિત કરવાના હેતુથી શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષકોની તાલીમ, વિવિધ ઓનલાઈન પોર્ટલ પર કરવાની થતી એન્ટ્રીઓ તેમજ અન્ય વિભાગો દ્વારા સોંપાતી વિવિધ કામગીરી અંગે શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. શિક્ષકો પર રહેલું બિન-શૈક્ષણિક અને ઓનલાઈન કામગીરીનું ભારણ ઘટાડવા માટે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ એક સંવેદનશીલ નિર્ણય લીધો છે. ડૉ. પ્રદ્યુમન વાજાએ શિક્ષણ વિભાગ, જી.સી.ઈ.આર.ટી. (GCERT), સમગ્ર શિક્ષા અને કમિશનર ઑફ સ્કૂલ્સના ઉચ્ચ અધિકારીઓની એક વિશેષ સમિતિ રચવા સૂચના આપી છે. આ સમિતિ શિક્ષકોની કામગીરી વધુ સરળ અને સુગમ બને તે માટે તમામ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને રાજ્ય સરકારને અહેવાલ સોંપશે, જેના આધારે સરકાર શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના હિતમાં આખરી નિર્ણય કરશે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષકોના પ્રશ્નો પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા વધુ સુદ્રઢ અને મજબૂત બને તે માટે શિક્ષકોની કામગીરી સરળ બનાવવાની આ સમગ્ર પ્રક્રિયાને મિશન મોડ પર હાથ ધરવામાં આવી રહી છે, જેથી બાળકોની અધ્યયન અધ્યાપન પ્રક્રિયા પર વધુ ભાર આપી શકાય. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, શિક્ષક માટે તો વર્ગ એ જ સ્વર્ગ છે. આપણી મુખ્ય પ્રાથમિક્તા એ છે કે, શિક્ષકોને બિન-જરૂરી ઓનલાઈન એન્ટ્રીઓ અને બિન-શૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ મળે, જેથી તેઓ પોતાનો મહત્તમ સમય બાળકોના અભ્યાસ અને શૈક્ષણિક કાર્યમાં ફાળવી શકે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ ના સ્વપ્નને સાકાર કરવા શિક્ષણ સૌથી વધુ જરૂરી છે જેમાં શીક્ષકો ચાવીરૂપ ભૂમિકા ભજવશે. સરકાર, શિક્ષકો અને બાળકો આ ત્રણેયે સાથે મળીને રાષ્ટ્રનિર્માણ માટે કાર્ય કરવું પડશે. આ બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ મિલિન્દ તોરવણે, પ્રાથમિક શિક્ષણ નિયામક પ્રકાશભાઈ ત્રિવેદી તેમજ શિક્ષણ વિભાગ, જી.સી.ઈ.આર.ટી. (GCERT) અને સમગ્ર શિક્ષા અભિયાનના વરિષ્ઠ અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# "સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ

**'થનગનાટ—૨૦૨૬'ના પ્રથમ દિવસે ૧૦,૦૦૦થી વધુ ખેલૈયાઓએ પ્રખ્યાત લોકગાયક મીત જૈનના સૂર-તાલે ગરબાની રમઝટ બોલાવી"**



કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા માં અંબાની આરાધનાના પવિત્ર પર્વ શારદીય નવરાત્રી પ્રસંગે ભક્તિ, પરંપરા અને યુવા ઉત્સાહના સંગમ સમાન નવરાત્રી મહોત્સવ "થનગનાટ—૨૦૨૬" નું ભવ્ય આયોજન તા. ૧૬ અને ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. યુવા ઉત્સાહ અને પરંપરાગત ગરબાના રંગે રંગાયેલા આ ભવ્ય નવરાત્રી મહોત્સવનું સમગ્ર ઉત્તર ગુજરાતમાં એક વિશેષ આકર્ષણ રહ્યું છે. આયોજીત નવરાત્રી મહોત્સવ "થનગનાટ—૨૦૨૬" ના પ્રથમ દિવસે તા. ૧૬ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે પ્રખ્યાત લોકગાયક મીત જૈનની મનમોહક ગરબા પ્રસ્તુતિઓ અને તાલબદ્ધ સંગીતના સથવારે ખેલૈયાઓ ગરબાના રંગે રંગાઈને મન મૂકીને ઝૂમી ઊઠ્યા હતા અને આ રાત્રીને વિશેષ બનાવી હતી. આ મહોત્સવનો મુખ્ય હેતુ યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને એકતાના મૂલ્યો સાથે જોડવાનો તેમજ સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન કરવાનો છે. જેમાં ચાલુ વર્ષે 10,000થી વધુ વિદ્યાર્થી ખેલૈયાઓ, યુનિવર્સિટી અને તેની સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓ, આમંત્રિત મહેમાનો પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે થકી સમગ્ર યુનિવર્સિટી પરિસરમાં ભક્તિ, ઉત્સાહ અને ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિની અનોખી છટા જોવા મળી હતી. શ્રદ્ધા, ભક્તિ અને ઉલ્લાસથી ભરપુર નવરાત્રી મહોત્સવમાં પ્રથમ દિવસે યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જીલ્લા સાંસદશ્રી હરિભાઈ પટેલ હાજર રહ્યા હતા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, ગુજરાત ભાજપ ઉપપ્રમુખશ્રી નટુજી ઠાકોર, મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતી રહી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેલા તમામ મહેમાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'થનગનાટ' મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણની સાથે આજના યુવાનોમાં સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન કરવાનો, સમાજમાં એકતા અને સામાજિક સમરસતાનો સંદેશ ફેલાવવો તથા યુવાનોમાં નવી ઊર્જા અને સાંસ્કૃતિક ચેતના જગાડવાનો છે. આવા મહોત્સવો યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

## લોક પ્રશ્નોને પ્રાથમિકતા આપી વિવિધ વિકાસ કાર્યોને સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરતા કલેક્ટરશ્રી મિહિર પટેલ

કમલમ્,પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પાલનપુર સ્થિત કલેક્ટર કચેરીના મિટિંગહોલ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા વિવિધ વિભાગોને પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેના સંદર્ભે સંબંધિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા જવાબોની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ રજૂઆતોના અનુસંધાને સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી કામગીરીની પ્રગતિનો અહેવાલ મેળવી તેની સમીક્ષા કરવામાં આવી હતી તથા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે નાગરિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબંધિત વિભાગો વચ્ચે યોગ્ય સંકલન જાળવી કામગીરી સત્વરે પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં રોડ-રસ્તા, રેલવે, કનેક્ટિવિટી, પાણી પુરવઠો, ચૂંટણી વિભાગ, વન વિભાગ સહિતના વિવિધ વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સંબંધિત વિભાગોના અધિકારીઓને પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનો ત્વરિત ઉકેલ લાવવા તેમજ વિકાસના કામોમાં જરૂરી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા ભારપૂર્વક સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત




પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, દાંતા ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી, ધાનેરાના ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ, કાંકરેજના ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે, અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી. પટેલ સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરગામ તાલુકાના પાટી પ્રાથમિક શાળામાં નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

## શિક્ષક સમાજના ઘડવૈયા અને રાષ્ટ્રના ભવિષ્યના નિર્માતા છે : મંત્રી શ્રી નરેશભાઈ પટેલ



કમલમ્,નવસારી

ખેરગામ તાલુકાની પાટી પ્રાથમિક શાળા ખાતે નિવૃત્તિ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વયનિવૃત્ત થતા શિક્ષક શ્રી દિનેશભાઈ નાયક તથા શિક્ષિકા શ્રીમતી બકુલાબેન માહલાને ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના હસ્તે શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીએ બંને નિવૃત્ત શિક્ષકોને નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી અને શિક્ષણક્ષેત્રે તેમના યોગદાનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે શિક્ષકનું મહત્વ, સમાજ ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શિક્ષકોના યોગદાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષક માત્ર વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું જ્ઞાન આપવાનું કાર્ય કરતા નથી, પરંતુ તેમના જીવનમાં સંસ્કાર, શિસ્ત, નૈતિક મૂલ્યો અને જવાબદારીની ભાવના કેળવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષકના માર્ગદર્શનથી જ વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં યોગ્ય દિશા પ્રાપ્ત કરી શકે છે અને ભવિષ્યમાં એક જવાબદાર નાગરિક બની શકે છે. શિક્ષક દ્વારા આપવામાં આવેલું જ્ઞાન, સંસ્કાર અને માર્ગદર્શન વિદ્યાર્થીઓના જીવનમાં કાયમી પ્રેરણાસ્ત્રોત બની રહે છે. તેથી શિક્ષકનું સ્થાન સમાજમાં હંમેશાં સન્માનનીય રહ્યું છે. પાટી પ્રાથમિક શાળામાં વર્ષો સુધી શૈક્ષણિક સેવા આપ્યા બાદ વયનિવૃત્ત થતા દિનેશભાઈ નાયક અને બકુલાબેન માહલાને શુભેચ્છાઓ પાઠવતાં મંત્રીશ્રીએ તેમના સેવાકાળ દરમિયાન આપેલા યોગદાનની પ્રશંસા કરી હતી. નિવૃત્તિ એ લાંબી અને જવાબદારીપૂર્ણ સેવાયાત્રાનો એક મહત્વપૂર્ણ પડાવ છે ત્યારે બંને શિક્ષકો આગામી જીવન પણ સુખમય, સ્વસ્થ અને આનંદમય રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષકગણ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ પણ નિવૃત્ત થતા બંને શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના શિક્ષણક્ષેત્રે શિક્ષકોની ભૂમિકા અને તેમના યોગદાનને યાદ કરી ભાવભર્યું વાતાવરણ સર્જાયું હતું. આ નિવૃત્તિ વિદાય સમારોહમાં શિક્ષકગણ, વાલીઓ, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરગામના ભૈરવી ખાતે રૂ. ૩૫ લાખના ખર્ચે નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ

## પંચવટી વિકાસ કેન્દ્રમાં ૧૫૦ જેટલા લોકો માટે બેસવાની વ્યવસ્થા સહિત વાસણ કીટ અને ખુરશીઓની સુવિધા ઉપલબ્ધ



### વૃક્ષોનું જતન અને પર્યાવરણનું સંરક્ષણ કરવાની સાથે સ્વચ્છતા જાળવવા મંત્રીશ્રીનો ગ્રામજનોને અનુરોધ

કમલમ્,નવસારી

સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ભૈરવી ગામે શનિદેવ મંદિરના પ્રાંગણમાં અંદાજે રૂ. ૩૫ લાખના ખર્ચે નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રના નિર્માણથી સ્થાનિક ગ્રામજનોને સામાજિક, ધાર્મિક અને સામૂહિક કાર્યક્રમોના આયોજન માટે સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ બન્યું છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરવા માટે વૃક્ષારોપણની સાથે વૃક્ષોનું સંરક્ષણ અને સંવર્ધન કરવું પણ એટલું જ જરૂરી છે. વૃક્ષો માનવજીવન અને પ્રકૃતિ વચ્ચે સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી દરેક વ્યક્તિએ પર્યાવરણની જાળવણી માટે પોતાની જવાબદારી સમજીને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને ઉછેરવા જોઈએ. મંત્રીશ્રીએ જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા પણ ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવા માટે લોકોની સહભાગિતા અનિવાર્ય હોવાનું જણાવી તેમણે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ કેળવવા અપીલ કરી હતી. પંચવટી વિકાસ કેન્દ્રમાં અંદાજે ૧૫૦ જેટલા લોકો માટે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, કાર્યક્રમો દરમિયાન ઉપયોગી થઈ શકે તે માટે વાસણ કીટ અને ખુરશીઓ સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ કેન્દ્ર ગ્રામજનો માટે સામૂહિક મેળાવડા, સામાજિક પ્રસંગો તથા વિવિધ જાહેર કાર્યક્રમોના આયોજનમાં ઉપયોગી બનશે. કાર્યક્રમ દરમિયાન શનિદેવ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા મંત્રીશ્રી નરેશભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ વન સંરક્ષકશ્રી ઉર્વશી પ્રજાપતિ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પટેલ, હેતલબેન, શનિદેવ મંદિરના ટ્રસ્ટીઓ, ગ્રામજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક વનીકરણ વિભાગની આ પહેલથી ભૈરવી ગામમાં સામૂહિક ઉપયોગ માટેની સુવિધામાં વધારો થવાની સાથે પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અંગે લોકજાગૃતિને પણ પ્રોત્સાહન મળશે.

# ચીખલી તાલુકાના મોગરાવાડી ખાતે રૂ. ૭૫ લાખના ખર્ચે તૈયાર થયેલા 'વન કવચ'નું આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ

## સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત વન કવચ લોકાર્પણ અને લોકસંવાદ કાર્યક્રમ યોજાયો



### વન સંરક્ષણ, વૃક્ષો અને જળસંચયનું મહત્વ સમજાવી પર્યાવરણ જાળવણી માટે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે પ્રેરક માર્ગદર્શન આપ્યું

કમલમ્,નવસારી

સામાજિક વનીકરણ વિભાગ, નવસારી દ્વારા સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ચીખલી તાલુકાના મોગરાવાડી ખાતે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વન કવચ' લોકાર્પણ અને લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે ઉદ્યોગોના વિકાસની સાથે જંગલો અને વૃક્ષોનું જતન કરવું કેટલું આવશ્યક છે તે સમજાવ્યું હતું. તેમણે જીવનમાં વૃક્ષોનું મહત્વ, પાણીનું સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી અંગે માર્ગદર્શન આપીને સૌને પ્રકૃતિના સંવર્ધન માટે પ્રેરિત કર્યા હતા. વન કવચ જેવા પ્રયાસો દ્વારા વૃક્ષોના ઉછેર અને વનસંપદાના સંરક્ષણને પ્રોત્સાહન મળવાની સાથે પર્યાવરણના સંતુલન જાળવવામાં પણ મદદરૂપ બનશે. રૂ. ૭૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ વન કવચમાં ૩૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ અવસરે ૧,૧૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. વન કવચમાં ૮૨ પ્રકારના વિવિધ પ્રજાતિનાં રોપાઓ ઉછેરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક શ્રીમતી ઉર્વશી પ્રજાપતિ, આર.એફ.ઓ., સરપંચશ્રી સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# "સાંકળચંદ પટેલ યુનિવર્સિટી કેમ્પસ 'થનગનાટ-૨૦૨૬'ના બીજા દિવસે કિર્થી સાગઠિયાના સૂર-તાલે ગરબાના રંગે રંગાયું"









કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૬થી આયોજિત 'થનગનાટ' નવરાત્રી મહોત્સવ ઉત્તર ગુજરાતમાં વિશેષ ઓળખ ઊભી કરી ચૂક્યો છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના જતન સાથે યુવાનોમાં એકતા, સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક ચેતના વિકસાવવાના ઉદ્દેશ્યથી યોજાતા આ મહોત્સવમાં ચાલુ વર્ષે પણ તા. ૧૬ અને ૧૭ ઑક્ટોબરના બે દિવસીય નવરાત્રી મહોત્સવમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. યુનિવર્સિટી ખાતે આયોજિત બે દિવસીય નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૬"ના બીજા દિવસે તા. ૧૭ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાયેલા કાર્યક્રમમાં કિર્થી સાગઠિયાના લોકપ્રિય ગીતો અને ગરબાના તાલે ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમીને ઉત્સવની શાન વધારી હતી. સંગીત, પરંપરા અને યુવા ઊર્જાના અદ્ભુત સમન્વયથી સમગ્ર યુનિવર્સિટી પરિસર ઉત્સવમય બની ગયું હતું. યુનિવર્સિટી ખાતે યોજાતા 'થનગનાટ' જેવા સાંસ્કૃતિક મહોત્સવો વિદ્યાર્થીઓને પોતાની આંતરિક પ્રતિભા, કલાત્મક અભિવ્યક્તિ, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને ઉજાગર કરવાની અમૂલ્ય તક પૂરી પાડે છે. આવા આયોજનો દ્વારા વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ, લોકકલા, પરંપરાગત નૃત્ય, સંગીત અને વિવિધ સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ સાથે ગાઢ રીતે જોડાઈ શકે છે. સાથે જ, વિવિધતા વચ્ચે એકતાનો સંદેશ પ્રસરાવીને પરસ્પર સહકાર, સામૂહિક ભાવના અને સાંસ્કૃતિક વારસાના જતનને પ્રોત્સાહન મળે છે. આ પ્રકારના મહોત્સવો વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને સંસ્કાર સભર, સર્જનાત્મક તથા જવાબદાર નાગરિક તરીકે ઘડવામાં મદદરૂપ બને છે. નવરાત્રી મહોત્સવમાં બીજા દિવસના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે ખેલૈયાનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ તથા ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી મયંકભાઈ નાયક, ખેરાલુ ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરી, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA)ના રાષ્ટ્રીય પ્રમુખશ્રી ડૉ. અનિલભાઈ નાયક, IMA ગુજરાત રાજ્યના પ્રમુખશ્રી ડૉ. અનિલભાઈ પટેલ તથા ઉમિયા માતા સંસ્થા ઊંઝા પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિસદના કાર્યકરો દ્વારા પરંપરાગત વિધિ વિધાન સાથે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજન દ્વારા શૌર્ય, સાહસ, ધર્મરક્ષા અને ભારતીય સંસ્કૃતિની ગૌરવશાળી પરંપરાનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે મહોત્સવમાં પધારેલા તમામ મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, યુનિવર્સિટી પરિવારના સભ્યો, પ્રાધ્યાપકો, કર્મચારીઓ તેમજ ઉત્સાહપૂર્વક ભાગ લેનાર વિદ્યાર્થીઓ પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શિક્ષણનો હેતુ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરું પાડવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, સાંસ્કૃતિક જાગૃતિ, ભારતીય પરંપરાઓ પ્રત્યે આદર અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવી પણ એટલી જ આવશ્યક છે. યુવા પેઢીમાં રાષ્ટ્રની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત પ્રત્યે ગૌરવની ભાવના કેળવવી તથા સમાજમાં એકતા, ભાઈચારો અને સામાજિક સમરસતાને વધુ મજબૂત બનાવવી એ યુનિવર્સિટીની શૈક્ષણિક અને સામાજિક પ્રતિબદ્ધતાનો અભિન્ન હિસ્સો છે. બે દિવસીય નવરાત્રી મહોત્સવમાં કુલ ૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, કર્મચારીઓ અને આમંત્રિત મહેમાનોએ ભાગ લીધો હતો. જેમાં સમાપન પ્રસંગે ગરબા પ્રસ્તુતિમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલૈયાઓ તેમજ શ્રેષ્ઠ પરંપરાગત વેશભૂષા ધારણ કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આમંત્રિત મહેમાનો, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ તથા રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી તેમજ યુનિવર્સિટી અધિકારીઓના હસ્તે વિજેતાઓને ઈનામો એનાયત કરી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. આ સન્માન દ્વારા સહભાગીઓની પ્રતિભા, ઉત્સાહ અને પરંપરાગત વેશભૂષા પ્રત્યેની સર્જનાત્મકતાને બિરદાવવામાં આવી હતી.

# રાજ્યની વીજપરિસ્થિતિની ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની અધ્યક્ષતામાં વિસ્તૃત સમીક્ષા

- ૯,૮૨૨ મેગાવોટની વીજ માંગની પૂર્તતા કરવામાં આવી
- વધેલી વીજ માંગને પહોંચી વળવા આયોજનબદ્ધ કામગીરી ચાલુ
- લાંબા ગાળાના વીજ પુરવઠા અને ગ્રીડ સ્થિરતા માટે બેટરી સ્ટોરેજ (BESS) તથા ન્યુક્લિયર પ્લાન્ટ સહિતનું સુદૃઢ આયોજન





કમલમ્, ગાંધીનગર

ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે વધતી માંગ અને વીજ પુરવઠાની પરિસ્થિતિ અંગે ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની અધ્યક્ષતામાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને તમામ વીજ કંપનીઓના અગ્રણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં વીજ માંગ વધવાના મુખ્ય કારણો, તાત્કાલિક નિવારણ માટે લેવાયેલાં પગલાં અને આગામી સમયની માંગને પહોંચી વળવા માટેના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

**વીજ માંગ વધવાનાં મુખ્ય કારણો:**

- અલ નીનોની અસરઃ ચાલુ વર્ષે નબળા ચોમાસા બાદ પણ તાપમાન સતત ઊંચું રહેતાં કૂલિંગ લોડમાં મોટો વધારો નોંધાયો છે.
- કૃષિ ક્ષેત્રે વધુ માંગઃ ઊભા પાકને સિંચાઈનું પાણી પૂરું પાડવા માટે ખેડૂતોને પૂરતા કલાકો વીજળી આપવામાં આવતાં કૃષિ લોડ વધ્યો છે, જે દૈનિક મહત્તમ ૧૨૦૦૦ મેગાવોટ સુધી રહે છે.
- તહેવારોની મોસમઃ નવરાત્રી અને આગામી દિવાળી તહેવારોને કારણે ઔદ્યોગિક માંગમાં પણ વધારો થયો છે.
- હાઈડ્રો અને પવન ઊર્જામાં ઘટાડોઃ રાજ્ય અને પાડોશી રાજ્યોમાં ઓછા વરસાદને કારણે હાઈડ્રો પાવર ઉત્પાદન ઘટ્યું છે, જે સામાન્ય રીતે ઑક્ટોબર-નવેમ્બરમાં મહત્તમ મળતું હોય છે. પવનની ગતિ ઓછી રહેવાને કારણે પવન ઊર્જાનું ઉત્પાદન પણ ઓછું થયું છે.
- પરિણામે સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસ દરમિયાન રાજ્યની વીજ માંગ ગત વર્ષોની સરખામણીએ આશરે ૧૨% (આશરે ૪,૦૦૦ મેગાવોટ) સુધી વધી છે.

**૨૯,૮૨૨ મેગાવોટની વીજ માંગ:**

તા. ૧૬.૧૦.૨૦૨૬ના રોજ રાજ્યમાં અત્યાર સુધીની સર્વોચ્ચ ૨૯,૮૨૨ મેગાવોટ વીજ માંગ નોંધાઈ હતી, જે ગત વર્ષની ઓક્ટોબર ૨૧૮૨૨ મેગાવોટની સરખામણીએ ૩૬.૬% વધુ છે. તા. ૧૬.૧૦.૨૦૨૬ના રોજ દૈનિક વીજ વપરાશ ૫૭૪ મિલિયન યુનિટ રહેલ જે ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં ૪૫૭ મિલિયન યુનિટ હતા જે વીજવપરાશમાં થયેલ ૨૭%નો વધારો દર્શાવે છે. કુલ સપ્લાય કરેલ વીજળીમાંથી અંદાજે PGVCL માં 30%, DGVCLમાં ૨2%, UGVCLમાં ૨૨% અને MGVCL માં ૧૦% તેમજ અન્ય ડિસ્કોમમાં ૧૬% વપરાશ થયેલ છે. સાંજના ૫ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી સૂર્યાસ્ત બાદ સોલાર ઉત્પાદન શૂન્ય થતાં અને પવન ઊર્જા અનિયમિત હોવાથી માંગને પહોંચી વળવા કોલસા અને ગેસ આધારિત પ્લાન્ટ્સમાંથી પુરવઠો આપવામા આવે છે. ગ્રીડની ફ્રીક્વન્સી અને સંતુલન જાળવવા રાજ્ય લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC) અને વીજ વિતરણ કંપનીઓ સતત કાર્યરત છે.

**પુરવઠો વધારવા તાત્કાલિક લેવાયેલાં પગલાં:**

- કેન્દ્ર સરકાર સાથે સંકલનઃ SECLને જરૂરી કોલસાના રેક ઉપલબ્ધ કરાવવા માટે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાઈ હતી, જેમાં કોલસા મંત્રાલયે નવેમ્બર સુધી રોજના ૧૦થી ૧૧ રેલવે રેક અને નવેમ્બરથી રોજના ૧૩થી ૧૪ રેકનો પુરવઠો કરવાની ખાતરી આપી છે. રાજ્યનાં વીજ મથકોમાં કોલસાનો મહત્તમ કાર્યક્ષમતા અને સંસાધનોનો સાથેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે.
- વધારાની વીજળીનો કરારઃ NTPCના ફરક્કા પ્લાન્ટમાંથી નવેમ્બર માસ માટે ૩૭૯ મેગાવોટ અને આસામ રાજ્યના કેન્દ્ર સરકારના પાવર જનરેશનના ફાળામાંથી લાંબા ગાળા માટે ૫૦૦ મેગાવોટ ટૂંક સમયમાં મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં, કેન્દ્ર સરકાર હસ્તકના પાવર જનરેશનના અન-એલોકેટેડ ફાળામાંથી ૫૦૦ મેગાવોટની ફાળવણી રાજ્ય માટે માન્ય રાખવામાં આવી છે.
- ટૂંકા ગાળાના ટાઈ-અપઃ ઓક્ટોબર માટે ૨,૯૯૦ મેગાવોટ, નવેમ્બર માટે ૧,૭૪૦ મેગાવોટ અને ડિસેમ્બર માટે ૧,૩૩૫ મેગાવોટના શોર્ટ-ટર્મ ટાઈ-અપ કરવામાં આવ્યા છે.
- દિવસ દરમિયાન સૌર ઊર્જાનો ઉપયોગઃ રાજ્યમાં ઉત્પન્ન થતી આશરે ૧૨,૦૦૦ મેગાવોટ સોલાર ઊર્જાનો દિવસ દરમિયાન મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન કરાયું છે. ઉપરાંત ખેતીવાડી લોડને દિવસના સૌર કલાકોમાં જ વપરાય તેવું આયોજન કરેલ છે.

**બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) – સાંજના પીક અવર્સ માટે કાયમી ઉકેલ:**

**દિવસની સોલાર ઊર્જાનો સંગ્રહ કરી સાંજે વાપરવા માટે BESS ક્ષમતા વધારવામાં આવી રહી છે**

- હાલ ૧૯૨ મેગાવોટ BESS કાર્યરત છે.
- ૨,૭૪૨ મેગાવોટ/૫,૫૧૭ મેગાવોટ-કલાક ક્ષમતા માટે કરાર પૂર્ણ થયા છે.
- માર્ચ ૨૦૨૭ સુધીમાં ૫૦૦ મેગાવોટ/૧,૦૦૦ મેગાવોટ-કલાક કાર્યરત થશે.
- ૧,૦૦૦ મેગાવોટ/૪,૦૦૦ મેગાવોટ-કલાકનું ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

**ભવિષ્યનું લાંબા ગાળાનું આયોજન**

- સેન્ટ્રલ જનરેટિંગ થર્મલ સ્ટેશનમાંથી ૧૩૦૦+ મેગાવોટ રાજ્યને પહેલેથી જ ફાળવવામાં આવ્યું છે અને ૨૦૨૮-૨૯થી ઉપલબ્ધ થશે. (તબક્કાવાર રીતે ૨૦૨૭ થી શરૂ થશે)
- સેન્ટ્રલ જનરેટિંગ હાઈડ્રો સ્ટેશનમાંથી ૧૨૦૦+ મેગાવોટ રાજ્યને પહેલેથી જ ફાળવવામાં આવ્યું છે અને ૨૦૨૮-૨૯થી ઉપલબ્ધ થશે. (તબક્કાવાર રીતે નવેમ્બર ૨૦૨૬ થી શરૂ થશે)
- વર્ષ ૨૦૩૧-૩૨ માં વીજળીની જરૂરિયાત માટે સેન્ટ્રલ જનરેટિંગ થર્મલ સ્ટેશનમાંથી ૫૦૦૦+ મેગાવોટ વીજળીની ફાળવણી માટે સરકારને વિનંતી કરવામાં આવી છે.
- કેન્દ્ર દ્વારા SHAKTI સ્કીમ હેઠળ ૪,૦૦૦ મેગાવોટ માટે ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે (જે વીજળી ૨૦૩૦-૩૧ થી મળશે).
- NPCIL સાથે ૪,૨૦૦ મેગાવોટ ન્યુક્લીઅર પાવર પ્રોજેક્ટ માટે MoU થયા છે, જેનો પ્રથમ યુનિટ ૨૦૩૨માં કાર્યરત થવાની ધારણા છે.
- ઉકાઈ ખાતે ૮૦૦ મેગાવોટ થર્મલ પ્લાન્ટ નિર્માણાધીન છે (સપ્ટેમ્બર ૨૦૨૯થી ચાલુ થશે).
- સિનોર, વણાકબોરી અને ગાંધીનગરમાં નવા થર્મલ પ્રોજેક્ટ્સ માટે જમીન અને સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.

**નાગરિકોને અપીલ**

- અફવાઓથી દૂર રહેવું, વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો
- રાજ્ય પાસે વીજ માંગને પહોંચી વળવા માટે પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં હવામાન બદલાતાં માંગમાં પણ ઘટાડો થશે.

રાષ્ટ્રહિત અને જનહિતમાં સૌ નાગરિકોને વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે. શક્ય હોય ત્યાં વીજ વપરાશ દિવસના સૌર કલાકોમાં ગોઠવવો અને સાંજના પીક અવર્સ (સાંજે ૫ થી ૧૧) દરમિયાન બિનજરૂરી વીજ વપરાશ ટાળીને ઊર્જા બચતમાં સહયોગ આપવો.

